નવગુજરાત ટાઈમ્સ
તા. ૨૯/૧/૨૦૦

# સુરત મહાનગરપાલિકા

## મોજે જહાંગીરાબાદ વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૪૪ (જહાંગીરાબાદ) તૈયાર કરવા બાબત.

### અધિસૂચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨ની પેટા કલમ (૧) અન્વયે રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૨૭-૧-૮૪ના ઠરાવ નં. ૬૨૬(૧૦)થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નગર રચના યોજનાઓ બનાવવા માટે એપ્રોપ્રીએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિનો ઠરાવ નં. ૭/૨૦૦૦, તા. ૨૭-૦૧-૨૦૦૦થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૪૪માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ જહાંગીરાબાદ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૪૪ (જહાંગીરાબાદ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયના દિવસે ઓફીસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત. કમિશનર,
તા. ૨૭-૦૧-૨૦૦૦ સુરત મહાનગરપાલિકા

ઠરાવ :

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૨૭-૦૧-૨૦૦૦ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-

મ્યુ. કમિશનરશ્રીના તા. ૧૬-૧૨-૯૯ના પત્ર નં. સીમોસ/૮/૩૯થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતિ ધ્યાને લઈ, સમિતિની સભામાં હાજર રહેલા ટાઉન પ્લાનરશ્રી સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ સુરત મહાનગરપાલિકાની હદમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૪૪ (જહાંગીરાબાદ) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી બતાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સુરત નં. ૪૪ (જહાંગીરાબાદ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસૂચન મંજુર કરવાનું તથા સદર અધિસૂચનનો બહોળો ફેલાવો કરવા બે સ્થાનિક દૈનિકપત્રોમાં એક-એક વખત પ્રસિદ્ધ કરવાનું અને ઈરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૭/૨૦૦૦ સર્વાનુમતે મંજુર.

નં.પી.આર.ઓ./૪૪૨/૯૯-૨૦૦૦
તા. ૨૮/૧/૨૦૦૦

ગુજરાતમિત્ર તા० ૨૯/૧/૨૦૦૦

# સુરત મહાનગરપાલિકા

## મોજે જહાંગીરાબાદ વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૪૪ (જહાંગીરાબાદ) તૈયાર કરવા બાબત.

## અધિસૂચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨ની પેટા કલમ (૧) અન્વયે રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૨૭-૧-૮૪નાં ઠરાવ નં. ૬૨૬ (૧૦) થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નગર રચના યોજનાઓ બનાવવા માટે એપ્રોપ્રીએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટએક્ટ નં. ૨૭) ની કલમ-૪૧ ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૭/૨૦૦૦, તા. ૨૭-૦૧-૨૦૦૦થી ઠરાવ્યા મુજબ નકશા નં ટીપીએસ/ ૪૪માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ જહાંગીરાબાદ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૪૪ (જહાંગીરાબાદ) તૈયાર કરવાનો ઇરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફીસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

કમિશનર,
સુરત મહાનગરપાલિકા

સુરત.
તા: ૨૭-૦૧-૨૦૦૦

ઠરાવ:-

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૨૭-૦૧-૨૦૦૦નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.

મ્યુ. કમિશનરશ્રીનાં તા. ૧૬-૧૨-૯૯નાં પત્ર નં. સીપીસ/ ૮/૩૯ થી વિદિત થઇ. તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઇ સમિતિની સભામાં હાજર રહેલા ટાઉન પ્લાનરશ્રી સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ સુરત મહાનગરાપાલિકાની હદમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૪૪ (જહાંગીરાબાદ) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી બતાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સુરત નં. ૪૪ (જહાંગીરાબાદ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ-૪૧ (૨) મુજબ ઇરાદો જાહેર કરવાનું ઇરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસૂચન મંજુર કરવાનું તથા સદર અધિસૂચનનો બહોળો ફેલાવો કરવા બે સ્થાનિક દૈનિકપત્રોમાં એક એક વખત પ્રસિધ્ધ કરવાનું અને ઇરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીનાં રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૭/૨૦૦૦ સર્વાનુમતે મંજુર

નં.પી.આર.ઓ./૪૪૨/૯૯-૨૦૦૦
તા. ૨૮-૧-૨૦૦૦